# સુરત શહેરના જુદા જુદા વિસ્તરોમાંથી સ્નેચીંગ કરતી ટોળકીને ઝડપી પાડી, લાખોના મુદ્દામાલના મોબાઈલ ફ્રોન રીકવર કરતી ખટોદરા પોલીસ

સુરત શહેરના ખટોદરા પો.સ્ટે. વિસ્તારમાં મોબઈલ તથા ચેન સ્નેચીગના ગુન્હાઓ શોધી કાઢવા સારૂ ખટોદરા પો.સ્ટે. ના અધિકારી તથા પોલીસ માણસો શંકાસ્પદ ઈસમો ઉપર સતત વોચમાં હતા દરમ્યાન પો.કો.દિલુભાઈ ભીમાભાઈ તથા પો.કો.પ્રદિપભાઈ કિરીટસિંહ તથા આશિકભાઈ મનસુખભાઈ નાઓને મળેલ બાતમી આધારે એક સ્પ્લેન્ડર મો.સા. ઉપર ચાલુ બાઈક ઉપર મોબાઈલ ખેંચી લેતા બે ઈસમો રોહિત તથા મનીષનાઓ એક સ્પ્લેન્ડર બ્લેક કલરની સિલ્વર પટાવાળુ GJ-5-PK-6913 નું લઈને જે સ્નેચીંગ કરેલ મોબાઈલ ફ્રોન વેચવા માટે સાઉથ ઝોન ઓફિસ ખાડી પુલના નાકે આવનાર છે. જે હકિકત આધારે બાતમી વાળી જગ્યાએથી ત્રણ ઈસમને પકડી પાડેલ (૧) રોહિત પવનભાઈ બોધિષ્ટ ઉવ-૨૨ રહે-ઘર નં.૧૦૩, આદર્શકુંજ સોસા., ગોડાદરા આસપાસ, સુરત (૨) મનિષ વિઠ્ઠલભાઈ પાટીલ ઉ.વ.૧૮ રહે-ઘર નં-૨૬, સંતતુકારામ સોસા., આસપાસ મંદિર ત્રણ રસ્તા ગોડાદરા, સુરત (૩) સરાફતખાન અબ્દુલવહાબ ખાન ઉવ-૨૨ રહે-ઘર નં.૧૧, ધરતી નગર વિષ્ણુભાઈ રબારીના મકાનમાં સુપર સિનેમા પાછળ પાવર હાઉસ ગોડાદરા, સુરત નાઓને પક્ડી જુદી જુદી કંપનીના કુલ -૧૦ મોબાઈલ ફ્રોન કિ રૂ-૧,૨૪,૫૦૦/- તથા મો.સા. નં.GJ-05-PK-6313 કિ,રૂ ૩૫,૦૦૦/- મળી કુલ્લે રૂપિયા ૧,૫૯,૫૦૦/- નો મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ મજકુર ઈસમો મો.સા. ઉપર રસ્તે ચાલતા રાહદારી તેમજ ચાલુ મો.સા. ઉપર મોબાઈલ ફ્રોન ઉપર વાત કરતા ઈસમોને ટાર્ગેટ બનાવી મોબાઈલ ફ્રોન આંચકી લેતા હતા સદર આરોપીઓએ વરાછા, કાપોદ્રા, ચોકબજાર તથા ઉમરા વિસ્તારમાં મોબાઈલ સ્નેચીંગ કરેલાની કબુલાત કરેલ તેમજ (૧)ઉમરા પો.સ્ટે. । ગુ.ર.નં.૫૦/૨૦૧૯ ઈ.પી.કો.કલમ ૩૭૯,૩૫૬,૧૧૪ મુજબ (૨) ચોકબજાર પો.સ્ટે. । ગુ.ર.નં-૩૧/૨૦૧૯ ઈ.પી.કો.કલમ ૩૭૯,૩૫૬,૧૧૪ મુજબના ગુન્હાઓ વણશોધાયેલ હોય, જે શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.